Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ , ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીઓ તથા યુનિવર્સિટી કેમ્પલમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ આંતરીક મૂલ્યાંકન માટે એકેડેમિક કાઉન્સિલ તા.૨૯/૭/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૦૬ થી નીચે મુજબ ઠરાવેલ છે,તદ્અનુસાર તેનો અમલ કરવો. જેની આથી જાણ કરવામાં આવે છે.

## એકેડેમિક કાઉન્સિલની તા.૨૯/૦૭/૨૦૨૨ની ઠરાવ ક્રમાંકઃ ૦૬

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી લાગુ પડે તે મુજબ વાણિજય અને વિનયન વિદ્યાશાખા માટે ઓનલાઈન તેમજ ઓફલાઈન તમામ આંતરીક મુલ્યાંકનુ ભારાંક ૧૦ ગુણ(આંતરીક પરીક્ષા),૫ ગુણ હાજરીના તથા ૫ ગુણ એસાઈનમેન્ટ (૨ એસાઈનમેન્ટના) ના ગણતરીમાં લઈ કુલ ૨૦ ગુણ મુજબ લાગુ કરવાના રહેશે. વધુમાં ઓફલાઈન પરીક્ષામાં (સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાએ) ઓવરઓલ ઓપ્શન રહેશે.

( જે વિદ્યાશાખામાં આંતરીક ગુણ ૩૦ મુજબ હોય તેવા કિસ્સામાં આંતરીક મુલ્યાંકનના ભારાંક ૨૦ ગુણ (આંતરીક પરીક્ષા), ૫ ગુણ હાજરીના તથા ૫ ગુણ એસાઈનમેન્ટ (૨ એસાઈનમેન્ટના ) ના ગણતરીમાં લઈ કુલ ૩૦ ગુણ મુજબ લાગુ કરવાના રહેશે.)

વિજ્ઞાન વિદ્યાશાખામાં આંતરીક ગુણ ૨૦ મુજબ હોય તેવા કિસ્સામાં આંતરીક મુલ્યાંકનના ભારાંક ૧૨ ગુણ (આંતરીક પરીક્ષા), ૪ ગુણ હાજરીના તથા ૪ ગુણ એસાઈનમેન્ટ (૨ એસાઈનમેન્ટના) ના ગણતરીમાં લઈ કુલ ૨૦ ગુણ મુજબ લાગુ કરવાના રહેશે. તથા જે કિસ્સામાં આંતરીક ગુણ ૪૦ મુજબ હોય તેવા કિસ્સામાં આંતરીક મુલ્યાંકનના ભારાંક ૨૫ ગુણ (આંતરીક પરીક્ષા), ૭ ગુણ હાજરીના તથા ૮ ગુણ એસાઈનમેન્ટ (૨ એસાઈનમેન્ટના ) ના ગણતરીમાં લઈ કુલ ૪૦ ગુણ મુજબ લાગુ કરવાના રહેશે તેમજ જે કિસ્સામાં આંતરીક ગુણ ૬૦ મુજબ હોય તેવા કિસ્સામાં આંતરીક મુલ્યાંકનના ભારાંક ૪૦ ગુણ (આંતરીક પરીક્ષા), ૧૦ ગુણ હાજરીના તથા ૧૦ ગુણ એસાઈનમેન્ટ (૨ એસાઈનમેન્ટના) ના ગણતરીમાં લઈ કુલ ૬૦ ગુણ મુજબ લાગુ કરવાના રહેશે તથા (જે કિસ્સામાં પ્રેકટીકલ પરીક્ષાના આંતરીક ગુણ ૨૦ મુજબ હોય તેવા કિસ્સામાં આંતરીક મુલ્યાંકનના ભારાંક ૧૫ ગુણ (આંતરીક પરીક્ષા), ૫ ગુણ હાજરીના ગણતરીમાં લઈ કુલ ૨૦ ગુણ મુજબ લાગુ કરવાના રહેશે તથા જે કિસ્સામાં પ્રેકટીકલ પરીક્ષાના આંતરીક ગુણ ૩૦ મુજબ હોય તેવા કિસ્સામાં આંતરીક મુલ્યાંકનના ભારાંક ૨૦ ગુણ (આંતરીક પરીક્ષા), ૧૦ ગુણ હાજરીના ગણતરીમાં લઈ કુલ ૩૦ ગુણ મુજબ લાગુ કરવાના રહેશે.

ગ્રામઅભ્યાસ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ આંતરીક ગુણ ૩૦ મુજબ હોય તેવા કિસ્સામાં આંતરીક મુલ્યાંકનના ભારાંક ૧૦ ગુણ (આંતરીક પરીક્ષા), ૫ ગુણ હાજરીના, ૧૦ ગુણ એસાઈનમેન્ટ (૪ એસાઈનમેન્ટના) અને ૫ ગુણ MCQ ના ગણતરીમાં લઈ કુલ ૩૦ ગુણ મુજબ લાગુ કરવાના રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી અંતર્ગત તમામ ડિપાર્ટમેન્ટ તેમજ સંલગ્ન કોલેજોમાં આંતરીક પરીક્ષા યુનિવર્સિટી ધ્વારા ઉપરોકત નિર્ધારિત પેર્ટન મુજબ આંતરીક પરીક્ષાઓ લેવાની રહેશે. જે કિસ્સામાં એક્ષટર્નલ પરીક્ષાઓ ઓનલાઈન મોડમાં લેવાની હોય તેવા કિસ્સામાં આંતરીક પરીક્ષા MCQ મોડ ધ્વારા લેવાની રહેશે. તથા અન્ય તમામ કિસ્સામાં યુનિવર્સિટી ધ્વારા નિર્ધારિત પેર્ટન મુજબ ઓફલાઈન મોડથી લેવાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ની પરીક્ષાના આયોજન બાબતે, આંતરીક મુલ્યાંકન અંગે, પ્રાશ્નીકો અને પરીક્ષકોની નિમણૂંકમાં જરૂર જણાયે કોઈપણ પ્રકારના નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

ક્રમાંક : એસ./પરિપત્ર/આંતરીક મૂલ્યાંકન /૧૬૯૫૩/૨૦૨૨
તા.૩૦–૦૭–૨૦૨૨

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,

૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ,ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી કેમ્પલમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓ.

......આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.

૨. ડીનશ્રીઓ– તમામ વિદ્યાશાખા.

૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

.....તરફ જાણ તેમજ અમલ સારૂ.